જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૨/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૯૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૪૦૪ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૭ બિયર ટીન, ૦૧ કાર, ૦૨ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૨,૩૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૦૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૮૦૧/૨૦૨૫**

એલીસબ્રીજઃ ભુમીબહેન વા/ઓ વિરલભાઈ મોરખીયા (ઉ.વ.૩૩)(રહે, દેવશ્રી એપાર્ટમેન્ટ, લક્ષ્મીવિલા ફ્લેટ સામે, પ્રિતમનગર અખાડા પાલડી) એ તા.૨૧/૧૨/૨૦૨૫ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૨/૨૦૨૫ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે એલીસબ્રીજ પ્રિતમનગર અખાડા રોડ નક્ષત્ર ફ્લેટ તથા લક્ષ્મી વિલા સામે રોડ ઉપર ભુમીબહેન પોતાનુ એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષએ ભેગામળી ભુમીબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૨,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.પરમાર ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૮૦૨/૨૦૨૫**

નિકોલઃ સાહીલભાઈ અશોકભાઈ સેલરીયા (ઉ.વ.૨૫)(રહે.આકાંક્ષા ટેનામેન્ટ, ન્યુ ઈન્ડીયા કોલોની નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૨/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી તા.૨૧/૧૨/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન નિકોલ કઠવાડા ભુવાલડી રોડ, આર.કે.ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં દુકાન નંબર એ/૦૨ “ઈ–ગન” નામના એસ્ટેટ ખાતે આવેલ પોતાની ઓફીસનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૧,૧૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૮૦૩/૨૦૨૫**

ચાંદખેડાઃ મહેશભાઇ ચિનુભાઇ શાહ (ઉ.વ.૩૮)(રહે.સુવર્ણ એપાર્ટમેન્ટ અર્જુન આશ્રમ રોડ નિર્ણયનગર રાણીપ) એ તા.૨૧/૧૨/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૨/૨૦૨૫ ના બપોરના ૩/૩૦ થી સાંજના ૪/૪૫ વાગ્યા દરમ્યાન ચાંદખેડા મોટેરા સ્વસ્તિક કોમ્પલેક્ષમાં આવેલ "અંજલિ જવેલર્સ" નામની મહેશભાઇ શાહની દુકાનમાં ગ્રાહકનાં સ્વાંગમાં આવેલ મહિલાએ દુકાનમાંથી સોનાની નાકની ચુનીઓ કુલ નંગ–૨૪ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/– મતાની નજર ચુકવી ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષભાઇ ખુશાલદાસ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૮૦૪/૨૦૨૫**

સાબરમતીઃ સાબરમતી અચેર કર્ણાવતી ફ્લેટની પાછળ કોલસીનો ટેકરા ખાતે નવી બનતી સાઇટ "દેવ રેસીડેન્સી" ખાતે રહેતા અને મજુરી કામ કરતા મહેશભાઇ રામસિંગભાઇ ભામોર (મુળ વતન. ગામ–જેસાવડા તા–ગરબાળા જી–દાહોદ) નાઓનો આઠ (૮) વર્ષનો પુત્ર દિપ તા.૨૦/૧૨/૨૫ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે "દેવ રેસીડેન્સી" સાઇટ ઉપર ઉંચાઇથી નીચે પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા તેનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ મંગળભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી